## ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા ગેસ્ટ લેક્ચરનું આયોજન

# રિયલ એસ્ટેટની દુનિયામાં આપનું સ્વાગત વિષય પર માર્ગદર્શન અપાયું

**સંદેશ**

શહેરની MSUની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા બુધવારે 'રિયલ એસ્ટેટની દુકાનમાં આપનું સ્વાગત છેક વિષય પર ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્રના ઈતિહાસ, વર્તમાન સ્થિતિ અને ભાવિ તકો અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી.



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા ઈનચાર્જ ડીન ડૉ. સુનિતા શર્માના માર્ગદર્શન હેઠળ બુધવારના રોજ ગેસ્ટ લેક્ચરનું આયોજન કરાયું હતું. જેમાં સ્પીકર તરીકે સનફીન રિયલ્ટી પ્રા.લિ.ના સીઈઓ અભિજિત ભાગવત ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીઓને 'રિયલ એસ્ટેટની દુનિયામાં આપનું સ્વાગત છે' વિષય પર માર્ગદર્શન આપ્યું અને રિયલ એસ્ટેટના આધારભૂત તત્વો પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્રના ઈતિહાસ, વર્તમાન સ્થિતિ અને ભાવિ તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી,

તેમજ વિકાસના વલણો, સરકારની નીતિઓ, રહેણાંક અને વ્યાપારી મિલકતોના તફાવતો, ટેક્નોલોજી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા. MSUનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે તેમણે પોતાની ભણતરની યાદો તાજી કરી અને યુવાનોને દરરોજ અખબાર વાંચવાની તેમજ બજારના ટ્રેન્ડ્સની સમજ વધારવાની સલાહ આપી હતી.

કોમ્પિટિશનમાં શહેરનો બધિર યુવક ઝળક્યો